# ઓપન એર થિયેટર હજુ ખંડેર હાલતમાં

## બે વર્ષ બાદ પણ ઓપન એર થિયેટરનું ઓપનિંગ થયું નથી !! : ઉપયોગના અભાવે ખંડેર બનતા થિયેટરનો ખર્ચ પાણીમાં ભાડા માટેની સરતો નિયત કરાયા બાદ તંત્ર કક્ષાએથી પણ નિરસતા સેવાઈ રહી છે

ગાંધીનગર, તા. ૫

ઘ-૫ ખાતે અડધા કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા ઓપન એર થિયેટરનું બે વર્ષના અંતે પણ ઓપનિંગ થયું નથી !! ભાડા માટેની ઢગલાબંધ શરતો અને ઉપયોગનો હેતુ પણ સિમિત રખાતા ઓપન એર થિયેટરની પબ્લીક ડીમાન્ડ ઉભી થઈ શકી નથી. બીજી તરફ ઉપયોગના અભાવે ખંડેર બનતા ઓપનએર થિયેટરના નિર્માણ બાદ સરકારના પૈસા પણ પાણીમાં ગયા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ઓપન એર થિયેટરની લોકાર્પણ વિધિના બે વર્ષ બાદ પણ થિયેટર કલાકારોનો સ્ટેજ આપી શકતું નથી !! શહેરમાં વિકાસની અનેકવિધ સોહામણી યોજનાના નામે થતા કામોમાં લાખોનો ખર્ચ થાય છે પરંતુ ક્યારેક ઉદ્‌ઘાટનના વાંકે તો ક્યારેક સરકારી કેસમાં ઘડાયેલા નિયમો જ વિકાસ યોજનાને લોકભોગ્ય થવામાં અવરોધરૂપ બનતા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. ઘ-૫ સ્થિત ઓપનએર થિયેટર પણ આવી જ મનોસ્થિતિનું ભોગ બન્યું છે. બે વર્ષથી બિનઉપયોગી અને ખંડેર બનતા થિયેટરને લગ્નસમારંભ માટે ભાડે આપવા પણ પ્રબલ માંગ ઉઠવા પામી છે.

સાંસ્કૃતિક કાર્યક્રમો અને સમારોહના આયોજનને યોગ્ય સ્થળ અને મંચ મળી રહે તેવા આશયથી આ થિયેટરનું કામ હાથ ધરાયું હતું. બે વર્ષ અગાઉ ઓપનએર થિયેટરની લોકાર્પણ વિધિ યોજવામાં આવી હતી. ઓપનએર થિયેટરમાં ભવ્ય ઘ-૫ સ્થિત ફૂડકોર્ટ સામેના મેદાનમાં રૂ. ૫૫ લાખના ખર્ચે ભવ્ય ઓપન એર થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે. શહેરમાં યોજાતા





(તસવીર : દિપક જાની)



● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ઠંડી ઘટી

ગાંધીનગર, તા.૫

ગયા અઠવાડિયે વધેલી ઠંડી પારો ઉંચો ચઢતા ઘટી છે. લઘુત્તમ તાપમાન ૧૬.૮ ડિગ્રીએ પહોંચતા વસાહતીઓને તીવ્ર ઠંડીથી રાહત મળી છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી વધેલી ઠંડીથી ગઈ કાલે રાત્રે રાહત મળી હતી. પવનની દીશા બદલાતા ઠંડીમાં ઘટાડો નોંધાયો છે. એક તબક્કે ૧૩ ડિગ્રી સુધી પહોંચી ગયેલી ઠંડી ઘટી હતી. લઘુત્તમ તાપમાન ૧૬.૮ ડીગ્રીએ પહોંચી જતા ઠંડીથી ખુબ રાહત મળી છે. મહત્તમ તાપમાન ૩૧.૦ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજ સવારે ૬૪ ટકા અને સાંજે ૫૪ ટકા રહ્યો હતો.

## રચનાત્મક કાર્યો કરવાનો જેસીઆઈના નવા પ્રમુખનો નિર્ધાર

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં એક વર્ષ અગાઉ નવપલ્લવીત થયેલી જૂનીયર ચેમ્બર ઈન્ટરનેશનલે ૯ મહિનાના ટૂંકા



ગાળામાં અનેક પ્રવૃત્તિઓથી શહેરમાં એની આગવી છાપ ઉભી કરી છે. ‘સુપર સિંગર સિટી’ જેવો મેગા પ્રોગ્રામથી જેસીઆઈ છવાઈ હતી.

વર્ષ ૨૦૧૪માં જેસીઆઈનાં નવા પ્રમુખ તરીકે સાત્વીક ત્રિવેદી પદભાર સંભાળવાનાં છે. કલ્પતરૂ કંપનીમાં એચ.આર. મેનેજર તરીકે કામ કરતાં તેઓ એમની કાર્યશૈલીથી કંપનીમાં પોતાનું વિશીષ્ટ સ્થાન ધરાવે છે. લેટેસ્ટ ગેજેટ્સનાં ઉપયોગથી કાર્યક્રમ નિખારવામાં તેઓ માહિર છે. આવનારા વર્ષોમાં તેઓ ક્વિઝ, કલર, મિસ ગાંધીનગર જેવી મેગા કોમ્પિટીશન કરવાનો મક્કમ નિર્ધાર કરીને જ આ પ્રમુખપદ સ્વિકાર્યું છે.

સાત્વિક ત્રિવેદીના મંત્રી તરીકે કલ્પતરૂ કંપનીના જ કેતન ડી. ભાવસાર જવાબદારી સ્વિકારી રહ્યાં છે. સદાય હસતાં અને ઉત્સાહથી છલોછલ તેઓ કલ્પતરૂની વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

## મુકિતધામમાં ગેસ ફાયર ડુલ થતા મૃતકના અગ્નિ સંસ્કારમાં અવરોધ

### મૃતદેહને અગ્નિદાહ અપાયા બાદ અચાનક જ ફાયર બંધ થતા સ્વજનોમાં દોડધામ

ગાંધીનગર, તા.૫

શહેરના મુકિતધામમાં ગેસ યુનિટની ભઠ્ઠીમાં આજે ખામી સર્જાતા મૃતદેહના અંતિમ સંસ્કારની વિધિમાં અધવચ્ચે જ અવરોધ ઉભો થયો હતો. ગેસની ભઠ્ઠીમાં મૃતદેહને અગ્નિદાહ અપાયા બાદ ૧૫ મિનિટ બાદ અચાનક જ ગેસ ફાયર બંધ થઈ ગયું હતું. આ સ્થિતિ વચ્ચે મૃતકના સ્વજનો પણ મુંઝવણમાં મુકાઈ ગયા હતા. પ્રેશરના અભાવે આ સ્થિતિ સર્જાઈ હોવાનું ધ્યાને આવ્યું હતું.

સે-૭-સીમાં પ્લોટ નં. ૧૦૦૫/૨માં રહેતા ૮૮ વર્ષીય અજિતરાય હરખશંકર જોષીપુરાનું આજે અવસાન થતા તેમના મૃતદેહને અંતિમસંસ્કાર અર્થે મુકિતધામ લઈ જવાયો હતો. આ દરમિયાન ગેસ યુનિટની ભઠ્ઠીમાં મૃતદેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો પરંતુ ૧૫ મિનિટમાં જ ગેસની ભઠ્ઠીમાં અચાનક ફાયર બંધ થઈ જતા અંતિમ વિધિમાં વિક્ષેપ ઉભો થયો હતો. ગેસ ફાયર બંધ થતા અધવચ્ચે જ અગ્નિ સંસ્કાર વિધિ અટકી ગઈ હતી. મૃતદેહ બહાર પણ નીકળી શકે તેમ ન હોવાથી મૃતકના સ્વજનો પણ દયનીય હાલતમાં મુકાઈ ગયા હતા. આ વેળાએ મૃતકના સ્વજનો પણ મુંઝવણમાં મુકાઈ ગયા હતા. સદનસીબે પ્રેશર વધતા અડધો કલાકના અંતે ફાયર ચાલુ થયું હતું. અને ત્યારબાદ મૃતકની અગ્નિ સંસ્કાર વિધિ પૂર્ણ થઈ હતી. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા મુકિતધામમાં છેલ્લા એક મહિનાથી ગેસની ભઠ્ઠીમાં વારંવાર ખામી સર્જાય છે. જો કે આ માટે પુરતું પ્રેશર ન આવતું હોવાનું પણ ધ્યાને આવ્યું છે. મૃતદેહના અગ્નિ સંસ્કાર માટે ૨૮૦ જેટલું ગેસ પ્રેશર અનિવાર્ય છે. જેના બદલે ૨૦૦ સુધીનું જ પ્રેશર હોવાથી આ મુશ્કેલી ઉદભવતી હોવાનું મનાઈ રહ્યું છે.

## સે-૭ માધ્યમિક શાળા માટે નવું મકાન બાંધવાનું કામ હાથ ધરાશે

### સે-૨માં શાળાનું મકાન બાંધવા છેલ્લા ત્રણ વર્ષથી અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવે છે : હવે આખરી આયોજન થશે

ગાંધીનગર, તા.૫

સે-૨માં માધ્યમિક શાળા બનાવવાનો મુદ્દો પુનઃ સજીવન થયો છે. હાલ સે-૭માં પ્રાથમિક શાળાના મકાનમાં જગ્યાના અભાવ વચ્ચે માધ્યમિક વિભાગ પણ કાર્યરત છે. જયારે શાળા બનાવવાના મામલે તંત્ર કક્ષાએથી નકશા-ડિઝાઈન તૈયાર કરવા સહિતની ગતિવિધિઓ હાથ ધરાતા ટૂંકમાં જ આ અંગે આખરી આયોજન કરી દેવાશે.

શહેરના નવવિકસિત વિસ્તારના વિદ્યાર્થીઓને ઘર આંગણે શિક્ષણ મળી રહે તે માટે સે-૨માં માધ્યમિક શાળા શરુ કરવાની માંગ સ્થાનિક રહીશોમાં પ્રબળ બની છે. જયારે આ મામલે છેલ્લા ત્રણ વર્ષથી અંદાજપત્રમાં જોગવાઈ કરવા છતાં શાળાનું બાંધકામ હાથ ધરવાનો મામલો અટવાયેલો છે. આમ છતાં છેલ્લા ૧૫ વર્ષથી આ પ્રશ્નનો નિકાલ આવતો નથી. સે-૨ વસાહત મંડળ દ્વારા પણ આ મામલે વખતોવખત રજૂઆત કરવામાં આવી છે. સે-૨ વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખના જણાવ્યા મુજબ સે-૭ સ્થિત પ્રાથમિક શાળાના મકાનમાં હાલ સરદાર વલ્લભભાઈ પટેલ માધ્યમિક શાળાનું શૈક્ષણિક કાર્ય ચાલે છે. જગ્યાના અભાવે બોઠક બિલ્ડીગમાં પ્રાથમિક અને માધ્યમિક શાળા કાર્યરત હોવાથી વિદ્યાર્થીઓને જરુરી સુવિધાનો અભાવ ભોગવવો પડે છે. સે-૧ થી ૯ તેમજ ઈન્દ્રોડા, ધોળાકુવા સહિત કુલ ૯ સેકટરો અને બે ગામ વચ્ચે માત્ર એક જ શાળા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. જયારે શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કુલ ૩૪૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં નાગરિક સંરક્ષણનો વધતો વ્યાપ

### શહેરના નાગરિકો નાગરિક સંરક્ષણની પ્રવૃત્તિઓમાં ખુબ ઉત્સાહથી જોડાય છે નાની-મોટી આફતો વખતે નાગરિક સંરક્ષણ દળનો ઉપયોગ કરાય છે

ગાંધીનગર, તા. ૫

નાની-મોટી આફતો અને સંરક્ષણ દળના માનદ સભ્યો વ્યવસ્થા તંત્ર સાથે ખભે ખભા મીલાવીને ઉભા



તાકીદની પરિસ્થિતિનો સામનો કરવા માટે નાગરિક સંરક્ષણ દળ જેવું શિસ્તબદ્ધ સંગઠન ઉભુ કરાયું છે. ગાંધીનગરના નાગરિકો તેની પ્રવૃત્તિમાં ખુબ ઉત્સાહથી જોડાય છે. નાગરિક રહે છે. આજે નાગરિક સંરક્ષણ દિનની ઉજવણી પ્રસંગે નાગરિક સંરક્ષણ દળના વધુમાં વધુ નાગરિકો જોડાય અને પોતાના દેશ પ્રત્યેની જવાબદારી અને ફરજ અદા કરે તે જરૂરી છે.

એવું કહેવાય છે કે સરહદની રક્ષા સેના કરે અને નગરની રક્ષા નાગરિકો કરે તે માટે દરેક શહેરમાં નાગરિકોનું શિસ્તબદ્ધ સંગઠન જરૂરી અને અનિવાર્ય છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાહતદરનો પ્લોટ ધરાવતા કબજેદારોનું સરકારી મકાન ખાલી કરાવાશે!

### સર્વેના અંતે યાદી તૈયાર થયા બાદ નોટીસ અપાશે

ગાંધીનગર, તા.૫

રાહતદરે પ્લોટ ફળવાયા બાદ પણ હાલ સરકારી આવાસમાં કબજો ધરાવતા કબજેદારો સામે તંત્ર દ્વારા પગલા લેવાશે. શહેરમાં સ્થિત સરકારી મકાનોમાં વસવાટ સંદર્ભે ભાડા વસુલાત શાખા દ્વારા સર્વે હાથ ધરાયો છે. જેના અંતે ગેરકાયદેસર કબજેદારોને નોટીસ આપી મકાનો ખાલી કરાવી દેવાશે.

શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં ગેરકાયદેસર વસવાટ કરતા રહીશો સામે તંત્ર દ્વારા કોર્ટ કાર્યવાહી કરવા સુધીના પગલાં લેવામાં આવે છે. અગાઉ પણ બદલી અને નિવૃત્તિના કિસ્સામાં આવાસ ખાલી ન કર્યા હોય તેવા ગેરકાયદેસર કબજેદારો સામે કોર્ટ કેસ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જયારે હવે રાહતદરે સરકાર કક્ષાએથી પ્લોટ મેળવ્યા બાદ પણ હાલ સરકારી આવાસનો કબજો ધરાવતા કર્મચારીઓ સામે પણ પગલાં લેવાશે. સેકટરોમાં સ્થિત સરકારી આવાસોમાં કોણ કેટલા સમયથી રહે છે. આવાસના ઉપયોગમાં હેતુફેર થાય છે કે કેમ તે સઘળી બાબતો ચકાસવા પાટનગર યોજના ભવનની ભાડા વસુલાત શાખા તેમજ સ્થાનિક સુવિધા કેન્દ્રો મારફતે સર્વે હાથ ધરવામાં આવ્યો છે. સર્વેની પ્રક્રીયા પૂર્ણતાના આરે છે. જેના અંતે હવે ગેરકાયદેસર વસવાટ ધરાવતા કબજેદારો સામે તંત્ર દ્વારા પગલા લેવાશે. સૂત્રોના જણાવ્યા મુજબ સરકાર દ્વારા રાહતદરે પ્લોટ મેળવ્યા બાદ પણ હાલ સરકારી આવાસમાં વસવાટ કરતા હોય તેવા કબજેદારોને પણ નોટીસ આપી મકાન ખાલી કરાવી દેવાશે.





ઈન્ટરનેશનલ ‘લીયો ડે’ની ઉજવણીનાં ભાગરૂપે ગાંધીનગર લાયન્સ કલબ અને લીયો કલબ ગાંધીનગરનાં સભ્યોએ ટ્રાફિક અવેરનેસનાં કાર્યક્રમો હાથ ધર્યા હતા. સવારે ૧૦ વાગ્યે ચ-૦ પાસે આવતા દ્વિચક્રી અને ફોર વ્હીલર વાહનોનાં ચાલકોને હેલ્મેટ પહેરવાની અને સીટ બેલ્ટ બાંધવાની રજૂઆત કરવામાં આવી. લાઈટ પર પીળી પટ્ટી લગાવી જાગૃતતા ફેલાવવા પ્રયાસ કરવામાં આવ્યો તેમજ જેમણે ટ્રાફિકના નીયમોને અનુસર્યા હતા તેઓ સૌને ચોકલેટ ખવડાવી મોઢું મીઠું કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે હરિશભાઈ ત્રિવેદી, ટ્રાફિક પોલીસ અધિકારી શ્રી ગામીત, લાયન્સ પ્રમુખ રૂચર ભટ્ટ, લીયો પ્રમુખ રાજ ગોડા તેમજ સમસ્ત લાયોટીમ ઉપસ્થિત રહી હતી. (તસવીર : દિપક જાની, કશ્યપ નિમાવત)

## પ્લાસ્ટીકની બેગ પડી ગયેલ છે

સેક્ટર-૨૮, જીઆઈડીસીથી સેક્ટર-૨૨ શોપીંગ સેન્ટરથી સેક્ટર-૨૬, ગ્રીનસીટીના માર્ગ પર પીળા કલરની પ્લાસ્ટીકની બેગ પડી ગયેલ છે. જેમાં જૂનાગઢના અગત્યના કાગળો, એલ.આઈ.સી.ની પોલીસી ઉપરાંત બિલબુકો છે. જે કોઈને મળે તેમણે નીચેના સરનામે જાણ કરવા વિનંતી છે.

હરિનારાયણ માર્બલ
પ્લોટ નં. ૮૦૬, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, ગાંધીનગર
મો. : ૯૯૯૮૯ ૯૧૫૧૪











RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11, Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૯૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com